## –: જાહેરનામું :–

## ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંકઃજી/DCP-ક્રાઈમ/ જાહેરનામું/૯૬૨/૨૦૨૨
નાયબ પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચની કચેરી,
વડોદરા શહેર. તા.૨૦/૩/૨૦૨૨

**હુકમ :–**

વડોદરા શહેરમાં મિલ્કત સંબંધી ચોરીઓના બનાવો પૈકી તાજેતરમાં વાહનચોરીના બનાવો પણ દિન પ્રતિદિન વધતા જણાયેલ છે, જેથી જયારે પણ વાહનચોરીના બનાવોની તપાસ કરવામાં આવે છે ત્યારે આવા વાહનો ચોરાયાની ફરીયાદ લીધા બાદ સમગ્ર પાસાઓની તપાસ કરવી જરૂરી રહે છે. શકય છે કે ચોરી ની ફરીયાદ લખાવ્યા બાદ બીજા ખોટા રજીસ્ટ્રેશન નંબર લગાવી તે વાહનનો ચોરીનો વીમો મેળવી ખોટા નંબર થી ઉપયોગમાં ચાલુમાં હોય અથવા તો જુના થયા બાદ કબાડીમાં વેચી નાખ્યા બાદ વીમો પકવવા માટે ફરીયાદ રજીસ્ટ્ર કરાવેલ હોય અથવા ટેક્ષી પાસિંગ અગર ટેક્ષી સીવાય પણ રોડ ટેક્ષ / આર.ટી.ઓ. ટેક્ષ બચાવવા માટે ખોટી ફરીયાદ કરેલ હોય, જેથી આવી બાબતોને ધ્યાનમાં લઈ તપાસ કરવી રહી, જેથી આવું થતું અટકાવવા તથા શોધી કાઢવા માટે અમુક નિયંત્રણો લાદવા જરૂરી હોય જેથી પી.યુ.સી. પ્રમાણપત્ર ઈસ્યુ કરનાર સંસ્થા ઉપર જાહેર જનતાના જાનમાલ મિલ્કતની સલામતી તથા સુરક્ષા માટે નીચે જણાવેલ કાર્યવાહી ફરજીયાત કરવાની રહેશે.

વાસ્તે હું ડો.શમશેર સિંઘ, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સી.આર.પી.સી.)૧૯૭૩(૧૯૭૪ના નં.૨)ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તા ની રૂએ વડોદરા શહેરના પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં નીચેની કાર્યવાહી ફરજીયાત કરવા ફરમાવું છુ.

### –: ફરજીયાત કરવાની કાર્યવાહી :–

(૧) પી.યુ.સી. માટે વાહન લઈ આવનારનું નામ તથા મોબાઈલ નંબર ફરજીયાત પણે નોધવા.
(૨) પી.યુ.સી. માટે આવતાં વાહનો અંગે નીચે દર્શાવેલ બાબતોની નોધણી અંગેનું રજીસ્ટર નીભાવવું.

| અનં | પી.યુ.સી. આપનાર એજન્સીનું નામ | પી.યુ.સી. માટે આવેલ વાહનનો રજીસ્ટ્રેશન નંબર | પી.યુ.સી. માટે આવેલ વાહનનો પ્રકાર (કંપની/મોડલ) | વાહન લઈ આવનારનું નામ, સરનામું તથા મોબાઈલ નંબર | આપવામાં આવેલ પી.યુ.સી. નંબર તથા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

ઉપર મુજબના રજીસ્ટરોનો ડેટા ઓછામાં ઓછો એક વર્ષ સુધી વ્યવસ્થીત સાચવી રાખવાનો રહેશે, અને આ રજીસ્ટર ચેકિંગમાં આવનાર સક્ષમ પોલીસ અધિકારીશ્રી માંગણી કરે ત્યારે બતાવવાનુ રહેશે.

### – : અમલવારીનો પિરિયડ અને વિસ્તાર :–

આ હુકમનો અમલ તા.૨૦/૩/૨૦૨૨નાં ક.૦૦/૦૦ થી તા.૧૮/૫/૨૦૨૨ના ક.૨૪/૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૨૦/૩/૨૦૨૨નારોજ મારી સહી સિકકો કરી આપેલ છે.

કમિશ્નર ઓફ પોલીસ
વડોદરા શહેર, વડોદરા

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર,
વડોદરા.